## :: સંભવિત પ્રવેશ પ્રક્રિયા ૨૦૧૦–૧૧ અંગેની અગત્યની માહિતી ::

- ❖ તા. ૦૨/૭/૧૦ ના રોજ મેરીટ યાદી જાહેર કરવામાં આવેલ છે. જે દરેક વિદ્યાર્થીએ પોતાનો મેરીટ નંબર ગુજકેટનો નંબર નાખીને જાણી શકાશે. તથા અન્ય માહિતી વેબસાઈટ પરથી ચકાસી લેવી.

- ❖ હવે પ્રથમ પ્રવેશ પ્રક્રિયાનો કાર્યક્રમ આ સમિતિની વેબસાઈટ પર મુકવામાં આવશે તેમજ ગુજરાત રાજયના અગ્રગણ્ય ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી સમાચારપત્રોમાં પ્રદર્શિત કરવામાં આવશે. અને દરેક વિદ્યાર્થીને કોલ લેટર દ્વારા મેરીટ નંબર પરથી નિર્ધારિત કરેલ તારીખ અને સમયે હાજર રહેવા માટે જાણ કરવામાં આવશે.

- ❖ તે કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ પોતાના મેરીટ નંબર પરથી નિર્ધારિત કરેલ તારીખ અને સમય તેમજ સ્થળ ઉપર રૂબરૂમાં સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.

- ❖ પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન વિદ્યાર્થીએ તેના તમામ અસલ પ્રમાણપત્રો અને આંશિક ફી પેટે રૂા. ૧૫૦૦૦/– રોકડા લઈને આવવાનુ રહેશે.

- ❖ જે વિદ્યાર્થી કોઈ કારણસર જાતે ઉપસ્થિત રહી શકે તેમ ન હોય તો સમિતિની વેબસાઈટ પર ઉપલબ્ધ ઓથોરીટી લેટરની કોપી ડાઉનલોડ કરી સંપૂર્ણ ભરીને તેના નજીકના સગા ઉપસ્થિત રહી શકે છે. ઓથોરીટી લેટરમાં વિદ્યાર્થી અને વાલીએ પ્રવેશ ફોર્મમાં જે રીતે સહી કરી છે તેવી જ સહી કરવી અન્યથા ઓથોરીટી માન્ય ગણવામાં આવશે નહી.

- ❖ જો કોઈ વિદ્યાર્થી તેના મેરીટ નંબર અનુસાર તારીખ અને સમયે ઉપસ્થિત રહેશે નહિ તો તે પ્રવેશ માટેનો પોતાનો હક જતો કરશે.

- ❖ જો કોઈ વિદ્યાર્થીને કોઈપણ કારણોસર કોલ લેટર ન મળે તો પણ પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન મેરીટ નંબર પરથી નિર્ધારિત કરેલ તારીખ અને સમયે પ્રવેશ સમિતિ સમક્ષ રૂબરૂમાં હાજર રહી શકાશે.